**પરિપત્ર: -**

**વિષય:GCAS પોર્ટલ અંતર્ગત એડમીશન પ્રક્રિયા માત્ર GCAS પોર્ટલ પર જ કરવા બાબત.**
**સંદર્ભ:ક્રમાંક/જીકેએસ/યુનિ/૨૦૨૫/૧૦૧ તા:૧૦/૦૬/૨૦૨૫**

અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ,અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રી ઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને સવિનય જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં **GCAS PORTAL** પર એડમીશન પ્રક્રિયા કાર્યરત છે.વધુમાં ગુજરાત રાજ્ય સરકારશ્રી શિક્ષણ વિભાગ દ્વારા જણાવેલ છે કે, સ્નાતક કક્ષાનો પ્રથમ તબ્બક્કો પૂર્ણ થવાને આરે છે.સ્નાતક કક્ષાનો બીજો તબ્બકો તથા અનુસ્નાતક કક્ષાનો પ્રથમ તબ્બકાના પ્રવેશ આગામી સમયમાં શરુ થનાર છે.પ્રથમ તબ્બક્કામાં સંસ્થા/કોલેજ પસંદ કરેલ વિદ્યાર્થીઓના એડમીશન પ્રક્રિયા હાલ કાર્યરત છે.

તાજેતરમાં GCAS સેલ ખાતે આવેલ વિદ્યાર્થીઓના કોલ્સ દ્વારા એવું જણાવવામાં આવેલ છે કે અમુક સંસ્થા/કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને એમ કહીને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે હાલ પ્રવેશ કરવાની જરૂર નથી જયારે ઓફલાઈન પ્રવેશ શરુ થશે ત્યારે કોલેજ દ્વારા સંપર્ક કરીને કન્ફર્મ કરવામાં આવશે.આ વર્ષે સરકારશ્રીનો આશય પ્રવેશની સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા GCAS પોર્ટલ મારફત થાય તેમ છે.અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થા/કોલેજમાં GCAS મારફત ઓફર પ્રવેશ કરતી સંસ્થા/કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતી પ્રવૃત્તિ ન થાય તેનું ધ્યાન રાખવું તથા ***શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા માત્ર GCAS પોર્ટલ મારફત જ થશે અને કોઈપણ સંજોગોમાં ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા નહિ થાય.***જેની સર્વે આચાર્યશ્રીઓ દ્વારા નોંધ લેવી.

**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૫૬/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ,
તા. ૧૧/૦૬/૨૦૨૫
પ્રતિ,

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓ તરફ..

**નકલ સાદર રવાના:**
(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ..
(૨) આઈ.ટી.સેલ. વિભાગ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)

Gujarat Common Admission Services (GCAS)
Education Department, Government of Gujarat

ક્રમાંક: જીકેસ/યુનિ./૨૦૨૫/૧૦૧ તા. ૧૦/૦૬/૨૦૨૫

પ્રતિ,
કુલપતિશ્રી,
GCAS પોર્ટલ સાથે સંકળાયેલ તમામ યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.

વિષય: GCAS પોર્ટલ મારફત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં ઓફલાઈન પ્રવેશ બાબત.

મહોદયશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં GCAS પોર્ટલ મારફત પ્રવેશ પ્રક્રિયા અન્વયે સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશનો પ્રથમ તબક્કો પૂર્ણ થવાને આરે છે. સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશનો બીજો તબક્કો અને અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશનો પ્રથમ તબક્કો આગામી સમયમાં શરૂ થનાર છે. આપણી સહિયારી મહેનતથી GCAS પોર્ટલ પર આજ દિન સુધીમાં કુલ ૧,૧૩,૩૮૯ વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ ફાળવેલ છે. જે પ્રથમ તબક્કામાં રજીસ્ટર્ડ થયેલ કુલ ૨,૧૦,૩૩૧ વિદ્યાર્થીઓના ૫૩.૯૧% જેટલા વિદ્યાર્થીઓ થાય છે. જો કે પ્રવેશના હજુ બે તબક્કા થવાના બાકી છે.

તાજેતરમાં GCAS સેલ ખાતે આવેલ વિદ્યાર્થીઓ-વાલીઓના કોલ્સ દ્વારા એવું જાણવામાં આવ્યું છે કે અમુક કોલેજો દ્વારા વિદ્યાર્થીઓને એમ કહીને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે કે તેમણે હાલ કઈ જ કરવાની જરૂર નથી, જયારે ઓફલાઈન પ્રવેશ શરૂ થશે ત્યારે કોલેજ દ્વારા તેમનો સંપર્ક કરીને પ્રવેશ કન્ફર્મ કરવામાં આવશે. આ વર્ષે સરકારશ્રીનો આશય પ્રવેશની સંપૂર્ણ પ્રક્રિયા GCAS પોર્ટલ મારફત જ થાય તેમ છે.

આથી આપની યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાના, અનુસ્નાતક કક્ષાના, બી.એડ., એલ.એલ.બી. કે અન્ય પ્રોગ્રામ્સ ઓફર કરતી કોઈપણ કોલેજ દ્વારા આ પ્રકારની વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતી પ્રવૃત્તિ ના થાય તે ખાસ સુનિશ્ચિત કરશો. આ અંગે આપની કક્ષાએથી આપની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો અને વિદ્યાશાખાઓને ***શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા માત્ર GCAS પોર્ટલ મારફત જ થશે અને કોઈપણ સંજોગોમાં ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા નહિ થાય*** તે સૂચિત કરવા તથા તેની નકલ અત્રે મોકલી આપવા વિનંતી છે.

(દિલીપ રાણા, IAS)
કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ અને
સીઈઓ, કેસીજી

નકલ રવાના: માન. અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ)ના રહસ્ય સચિવ, જાણ સારુ.


Knowledge Consortium of Gujarat,
Pragna Puram Campus, Opp. PRL, Navrangpura,
Ahmedabad, Gujarat. 380015
Email: info-gcas@gujgov.edu.in
Website: https://gcas.gujgov.edu.in/